Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal Feb 2019, Year - 5 (70)
www.researchreviewonline.com Paper ID : RRJ000037

# ભારતમાં પ્રાથમિક શિક્ષણ અધુરૂ છોડવાના કારણો

પરમાર રમાબેન દિનેભાઈ
મીરામ્બીકા કોલેજ ઓફ એજયુકેશન, રાજકોટ

---

પ્રાથમિક શિક્ષણ એ શિક્ષણનો પાયો છે, કોઈ પણ રાષ્ટ્રના ખરા વિકાસ માટે ત્યાનુ પ્રાથમિક શિક્ષણ આધારસ્તંભ છે. સામાજિક પરિસ્થિતિ અને અન્ય બાબતો તેને પ્રભાવિત કરે છે. આજે વિશ્વભરનાં દેશોમાં પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપિંગ રેશિયો વૈશ્વિક સમસ્યા છે. ભારતમાં પ્રાથમિક શિક્ષણ અધુરુ છોડવાના કારણો અનેક છે જેની અહિ આપણે સમિક્ષા કરીશુ.

**૧) ઝડપી વસ્તીવૃધ્ધિ :**

ભારતમાં વાર્ષિક લગભગ ૨ થી ૨.૪% ના દરે વસ્તીવૃધ્ધિ થઈ છે. ૧૯૨૧ થી તીવ્ર રીતે વસ્તી વધતી રહી છે. ભારતમાં વસ્તીનું કદ અત્યંત ઝડપથી વધી રહ્યું છે. ઝડપી વસ્તીવૃધ્ધિએ ગરીબી, બેકારી અને નિરક્ષરતામાં વધારો કર્યો છે અને ગરીબી, બેકારી તથા નિરક્ષરતામાં વધારો થતા બાળમજૂરીની સમસ્યા પણ તીવ્ર બની છે. ભારતને સ્વાતંત્ર્ય મળ્યુ ત્યારે વસ્તી લગભગ ૩૬ કરોડ હતી. ૫૦ વર્ષોના ગાળામાં વસ્તીના કદમાં અઢીગણા કરતા વધુ વૃધ્ધિ થઈ છે. ૧૯૯૧માં ૮૯ કરોડ હતી. તે અત્યારે ૨૦૦૦ની સાલમાં ભારતમાં એક અબજ બાળકનો જન્મ થયો. આમ, છેલ્લા ૧૦ વર્ષમાં ૧૬ કરોડ માણસોનો વધારો થયો. વસ્તીની વૃધ્ધિની તુલનામાં આર્થિક અને શૈક્ષણિક વિકાસની ગતિમંદ રહેવા પામી છે.

ગરીબ કુટુંબોને બે છેડા ભેગા કરવાની મુશ્કેલી હોય ત્યા બાળકોને ભણવા મોકલવાનો વિચાર કરવાનું પણ મુશ્કેલ બને એ સ્વાભાવિક છે. અગાઉ જણાવ્યા મુજબ ગરીબ અને નિરક્ષર કુટુંબોમાં જન્મતા બાળકોને શાળાએ જવાની તક ભાગ્યે જ મળતી હોય છે. ઝડપી વસ્તીવૃધ્ધિને અંકુશિત કરવા માટે ૧૯૫૧ થી ભારતમાં કુટુંબ નિયોજન કાર્યક્રમનો સત્તાવાર સ્વીકાર કરવામાં આવ્યો છે. પરંતુ આજે ૫૦ વર્ષ બાદ પણ કાર્યક્રમને ધારી સફળતા મળી નથી. વસ્તીવૃધ્ધિને સ્થિર કરવાના લક્ષ્યાંકો મુજબ ઘટાડો સિધ્ધ થઈ શકયા નથી. વસ્તીમાં થતા તીવ્ર વધારાના કારણે ૪ વર્ષ સુધીની ઉમરના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ પુરૂ પાડવાની વ્યવસ્થા સરકાર ઉભી કરી શકી નથી. આમ, ઝડપી વસ્તીવૃધ્ધિ પ્રાથમિક શિક્ષણ અધુરૂ છોડવા માટેનું બીજુ ચરણ છે.

**૨) કુટુંબની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે :**

જે કુટુંબની આર્થિક સ્થિતિ નબળી છે જે ગરીબી રેખા નીચે જીવન જીવી રહ્યા છે. બાળકના માતા–પિતાને એવી ઈચ્છા હોય આકાંક્ષા હોય તેમના બાળકને આગળ અભ્યાસ કરવાની ઈચ્છા હોય પરંતુ તે ગરીબ હોવાથી તેમના સપના સાકાર કરી થઈ શકતા નથી. નીચલા વર્ગના સાવ નીચલા સ્તરના ગરીબી રેખા નીચે જીવતા ઝૂંપડાવાસીઓ રોજીરોટી વિનાના ગ્રામજનો, અસ્પૃશ્ય જ્ઞાતિઓ, આદિવાસી જાતિઓ તથા અન્ય પછાતવર્ગો શિક્ષણના કે શૈક્ષણિક આકાંક્ષાના અભાવ માટે કે નીચે શૈક્ષણિક આકાંક્ષાઓ કે સિધ્ધી માટે તેમની ગરીબી જ માત્ર પરિબળ જણાયુ છે.

**૩) નિરક્ષરતા :**

બાળકના જીવનને સુંદર તથા બાળકના ભવિષ્યને આગળ લાવવામાં માતા–પિતાનો ફાળો ખૂબ જ અગત્યનો હોય છે. પિતા અભણ હશે પણ જો માતા ભણેલી હશે તો બાળકના જીવનમાં ભણતરનું મહત્વ તો સમજાવી શકશે. ગુજરાતીમાં કહેવત છે કે "એક માતા સો શિક્ષકની ગરજ સારે છે" અને તે બાળકને આગળ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-5-issue-70-february-2019/RRJ000037

ISSN : 2321- 4708
Feb 2019, Year - 5 (70)
Paper ID : RRJ000037

ભણાવવાનું વધુ પસંદ કરશે. બાળકોને શાળાની અંદર મફત એક ટકનું જમવાનું મળે તે હેતુથી મધ્યાહન ભોજન યોજના પણ શરૂ કરવામાં આવી છે. છતાં દેશના લાખો બાળકો પ્રાથમિક શિક્ષણથી વંચિત છે. ગામડામાં વસતા બાળકોના માતા–પિતા લાખોની સંખ્યામાં નિરક્ષર છે અને સાથેસાથે ગરીબ પણ છે અને આવા મા–બાપ બાળકના જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવી શકતા નથી અને તે લોકો સમજતા હોવા છતા પણ પોતાની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે તે બાળકને મજુરી અથવા બીજા ધંધા પર મોકલી દે છે.

નિરક્ષરતા અને ગરીબી આ બે ભેગા થાય એટલે તેની સાથે ઘણા દુષણો ઉદ્ભવે છે. ભારતની અંદર જેમ વ્યાપક પ્રમાણમાં ગરીબી છે તેમ નિરક્ષરતા પણ તેટલા જ અંશે વ્યાપક છે. સ્ત્રી નિરક્ષરતામાં જોઈએ તો ૧૯૯૧ માં દેશની ૬૦% સ્ત્રીઓ નિરક્ષર હતી. નિરક્ષર એટલે એવી વ્યકિત કે જેમને વાંચતા–લખતા આવડતુ નથી. આમ પ્રાથમિક શિક્ષણને નિરક્ષરતાના માપદંડ તરીકે જોવામાં આવે છે. દેશમાં ૩૭% પુરૂષો અને ૬૦% સ્ત્રીઓ નિરક્ષર હતા. દેશમાં સાડા છ કરોડ બાળકો શાળાએ જતા નથી. સંભવત આ બધા બાળકો બાળમજુરો છે. બાળમજુરો માટે બાળકોની નિરક્ષરતા કરતા તેના મા–બાપની નિરક્ષરતા વધારે જવાબદાર ગણાવી શકાય. બાળકો નાની ઉંમરના હોય છે તેમને મા–બાપ કહે તેમ કરવાનું હોય છે. મા–બાપ જો બાળકને શાળાએ મોકલે તો તે શાળાએ જાય છે અને મજુરીકામ માટે મોકલે તો તે ત્યા જાય છે. આમ, પ્રાથમિક શિક્ષણ છોડવા પાછળ નિરક્ષરતાએ ખુબ જ અગત્યનું પરિબળ છે.

**૪) સંયુકત કુટુંબ હોવાને કારણે :**

પ્રાચિનકાળથી ભારતમાં સંયુકત કુટુંબ પ્રથા જોવા મળે છે. વર્તમાન સમયમાં અને મરણોને લીધે તે તુટીને એટલે કે વિભકત, વ્યકિતગત કુટુંબોનું પ્રાધાન્ય વધવા લાગ્યુ છે. જેમ કે ઉદ્યોગીકરણ, શહેરીકરણ, સામાજિક ગતિશીલતા, શિક્ષણ, લોકશાહી વગેરેને લીધે સંયુકત કુટુંબમાંથી વિભકત કુટુંબ અસ્તિત્વમાં આવ્યા છે. ગામડાની અંદર પણ સંયુકત કુટુંબોમાંથી પરિણીત સભ્યો છુટા પડી વિભકત કુટુંબો રચવા લાગ્યા છે.

ગામડાનીઅંદર વિભકત કુટુંબોમાં બાળકોની સંખ્યા વધારે હોવાથી સરેરાશ કુટુંબનું કદ મોટુ જોવા મળે છે. તેમાય ગરીબ કુટુંબોમાં આ ઘટના વિશેષપણે જોવા મળે છે. શહેરોમાં પણ કામદાર વર્ગ અને ઝૂંપડપટ્ટીઓમાં નિરક્ષરતાના કારણે કુટુંબદીઠ બાળકોની સંખ્યા વધારે હોય છે. આથી બાળકોને પ્રાથમિક શિક્ષણ અધુરૂ છોડી કોઈપણ કામે લગાડીને કૌટુંબિક આવકમાં વધારો કરવાનું મા–બાપને જરૂરી લાગે છે. ગ્રામિણ સમાજમાં ગરીબ અને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં કુટુંબ નિયોજન કાર્યક્રમને ધારી સફળતા મળી નથી. આથી પ્રાથમિક શિક્ષણ છોડવા પાછળનું જવાબદાર આ પણ એક ચરણ હોય છે.

**૫) સ્થળાંતર :**

મજુરીકામ કરતા સ્થળાંતર મજુરોને અવારનવાર મજુરી અને રોજીરોટી કમાવા માટે એક સ્થળેથી બીજા સ્થળે જવુ પડે છે. અમુક વિસ્તારમાં અછતની પરિસ્થિતિ સર્જાય. જયારે ચોમાસુ નિષ્ફળ ગયુ હોય ત્યારે તેવા વિસ્તારના પ્રદેશોમાં ઢોરને ઘાંસચારો, પાણી, મજુરોને પોતાનું ગુજરાન ચલાવવા માટે મજુરીકામ પણ મળતુ ન હોય. તેથી તે વિસ્તારના લોકો જે વિસ્તારમાં વરસાદ પડયો હોય જયા સારો પાક થયો હોય તેવા વિસ્તારમાં તે મજુરો પોતાના કુટુંબ બાળકો સાથે સ્થળાંતર કરે છે. અછતના વર્ષમાં રાજકોટના માલધારીઓ ઢોરઢાંખર સાથે દક્ષિણ ગુજરાતમાં પાણી અને ઘાસચારાની સગવડ મળે તેવા પ્રદેશોમાં સ્થળાંતર કરી જાય છે અને ચોમાસામાં વરસાદ થયા પછી પોતાના મુળસ્થાને પાછા ફરી વળે છે. આવા લોકોનું જીવન અસ્થાઈ હોય છે. તેઓની અંદર ગરીબી અને નિરક્ષરતાનું પુષ્કળ વ્યાપ હોય છે. તેઓ જે

ISSN : 2321- 4708
Feb 2019, Year - 5 (70)
Paper ID : RRJ000037

વિસ્તારમાં સ્થળાંતર કરે છે. તેવા વિસ્તારની અંદર પોતાના બાળકોને પણ મજુરી કામમાં સાથે જોડી દે છે. આવા સંજોગોમાં બાળકને ભણાવવાનું અશકય બની જાય છે તેથી તેવા વિસ્તારની અંદર પ્રાથમિક શિક્ષણ અધુરૂ છોડેલ બાળકો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

**૬) પુત્રી હોવાના નાતે :**

કુટુંબમાં પુત્રી જન્મી હોય તો તેને અધિકારો પુત્ર જેટલા ન મળવા જોઈએ એવી માન્યતાવાળો વર્ગ દિકરીને પારકી થાપણ જેવા શબ્દો આપીને કહે છે કે સમાજમાં દીકરીને શિક્ષણ આપીને શું ફાયદો તે થોડી કમાઈ આપવાની છે. આવી અનેક માન્યતાઓને લીધે નાનપણથી જ પુત્રીને થોડુ ભણાવી ઉઠાડી લે છે. અથવા ઘરકામમાં નાનાભાઈને સાચવવાની જવાબદારી અથવા બિજા અન્ય કામ સોંપી દે છે.

**૭) એક વર્ગમાં ફેલ થવાને કારણે :**

ઘણા બાળકો  એક વખત એક વર્ગમાં ફેલ થયા હોયત્યારે તે ફરી ફરીને તે વર્ગમાં જવાની ઈચ્છા ધરાવતા નથી. કેમ કે તેને સંકોચ થાય કે કોઈમને કહે કે આ છોકરો આ ધોરણમાં બીજી વખત છે. આમ, તે શરમ સંકોચ અનુભવે છે. અને શાળા છોડી દે છે. આવા કિસ્સા ઓછા પ્રમાણમાં બનતા હોય છે. પરંતુ પ્રાથમિક શિક્ષણ છોડવાનું આપણુ એક કારણ હોય શકે છે.